


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 060
Dt.: 10-11-2025,
Monday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે કહ્યું

## RSS એક એવો હિન્દુ સમાજ બનાવવા માંગે છે, જે વિશ્વને ધર્મનું જ્ઞાન આપે

### તેમનું મિશન એક સંયુક્ત અને મજબૂત હિન્દુ સમાજનું નિર્માણ કરવાનું છે, જે બાકીનું રાષ્ટ્રીય કાર્ય કરશે



(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતે સંઘની ૧૦૦મી વર્ષગાંઠ નિમિત્તે બેંગલુરુમાં આયોજિત બે દિવસીય વ્યાખ્યાન શ્રેણીને સંબોધતા સંઘની નોંધણી અને કરમુક્તિ જેવા ચાલી રહેલા વિવાદો પર મોટું નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટતા કરી કે RSSનો મુખ્ય હેતુ સમગ્ર હિન્દુ સમાજને એક કરીને સંગઠિત કરવાનો છે, જેથી એક સમૃદ્ધ અને મજબૂત ભારતનું નિર્માણ થઈ શકે. નોંધણીના ઔપચારિક અભાવ અંગેના સવાલોના જવાબમાં મોહન ભાગવતે ભારપૂર્વક જણાવ્યું કે "ઘણી વસ્તુઓ નોંધાયેલ નથી, હિન્દુ ધર્મ પણ નોંધાયેલ નથી." તેમણે આવકવેરા વિભાગ અને અદાલતોના અવલોકનનો પણ દાવો કર્યો કે RSS એ વ્યક્તિઓનો સમૂહ હોવાથી તેને કરમુક્તિ આપવામાં આવી છે.

મોહન ભાગવતે રવિવારે (૯ નવેમ્બર) જણાવ્યું કે RSS એક એવો હિન્દુ સમાજ બનાવવા માંગે છે, જે વિશ્વને ધર્મનું જ્ઞાન આપે. આ જ્ઞાન દ્વારા વિશ્વ સુખી, આનંદમય અને શાંતિપૂર્ણ બની શકે. તેમણે ઉમેર્યું કે આ ભગીરથ કાર્યનો એક ભાગ સમગ્ર સમાજ અને રાષ્ટ્ર દ્વારા કરવાનો છે, અને RSS આ માટે હિન્દુ સમાજને તૈયાર કરી રહ્યું છે. "અમારી પાસે એક જ દ્રષ્ટિ છે, એક જ લક્ષ્ય છે. તે દ્રષ્ટિ પૂર્ણ કર્યા પછી, અમે બીજું કંઈ કરવા માંગતા નથી," તેમ તેમણે સ્પષ્ટ કર્યું. તેમનું મિશન એક સંયુક્ત અને મજબૂત હિન્દુ સમાજનું નિર્માણ કરવાનું છે, જે બાકીનું રાષ્ટ્રીય કાર્ય કરશે.

વધુમાં, સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર, મોહન ભાગવતે સંઘની કરમુક્તિના મુદ્દા પર દાવો કર્યો હતો કે આવકવેરા વિભાગ અને દેશની અદાલતોએ આ બાબતનું અવલોકન કર્યું છે. તેમનું નિરીક્ષણ છે કે RSS એ વ્યક્તિઓનો સમૂહ છે, અને આ જ કારણસર તેને કરમુક્તિ આપવામાં આવી છે. સંઘની સ્થાપનાના ૧૦૦ વર્ષોનો ઉલ્લેખ કરતા તેમણે સવાલ કર્યો, "જ્યારે ૧૯૨૫માં સંઘની સ્થાપના થઈ, ત્યારે શું અમે બ્રિટિશ સરકારમાં તેની નોંધણી કરાવવાની હતી?" તેમણે ઉમેર્યું કે ૧૯૪૭માં આઝાદી મળ્યા પછી પણ સરકારે નોંધણી ફરજિયાત કરી નથી.

તેમણે એ પણ ધ્યાન દોર્યું કે અગાઉની સરકારો દ્વારા RSS પર ત્રણ વખત પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, જે પોતે જ દર્શાવે છે કે સરકારે તેને માન્યતા આપી છે. તેમણે તર્ક આપ્યો કે "જો અમે પ્રતિબંધિત ન હતા, તો પછી સરકારે કોને પ્રતિબંધિત કર્યો?" આમ, RSS વડાએ નોંધણી અને કરમુક્તિના બંને વિવાદોને તેમની વાતચીત દ્વારા શાંત કરવાનો પ્રયાસ કર્યો.

### હાફિઝ સઈદની નવી ચાલનો VIDEO વાયરલ

## બાંગ્લાદેશના રસ્તે ભારત ઉપર હુમલાની તૈયારી?

### આ વીડિયોમાં કહેવામાં આવ્યું છે કે બાંગ્લાદેશમાં સ્થાનિક યુવાનોને જિહાદ માટે ઉશ્કેરવામાં આવી રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈસ્લામાબાદ

લશ્કર-એ-તૈયબાના એક કમાન્ડર સૈફુલ્લાહ સૈફે એક વીડિયોમાં કહ્યું છે કે હાફિઝ સઈદ હવે બાંગ્લાદેશના રસ્તે ભારત પર હુમલો કરવાની યોજના બનાવી રહ્યો છે.

આ વીડિયો ૩૦ ઓક્ટોબરના રોજ પાકિસ્તાનના ખૈરપુર તમીવાલીમાં યોજાયેલી રેલીનો હોવાનું કહેવાય છે. વીડિયોમાં લશ્કર કમાન્ડર સૈફુલ્લાહ સૈફ સ્પષ્ટપણે બોલતો જોવા મળે છે કે "હાફિઝ સઈદ ચૂપ બેઠો નથી, તે બાંગ્લાદેશના રસ્તે ભારત પર હુમલાની તૈયારી કરી રહ્યો છે." તેણે દાવો કર્યો કે પૂર્વીય પાકિસ્તાન એટલે કે બાંગ્લાદેશમાં તેના લોકો સક્રિય છે અને ભારતને જવાબ આપવા માટે તૈયાર છે. રેલી દરમિયાન સૈફુલ્લાહે જણાવ્યું કે એક સહયોગીને બાંગ્લાદેશ મોકલવામાં આવ્યો છે, જે ત્યાંના સ્થાનિક યુવાનોને જિહાદના નામે તૈયાર કરી રહ્યો છે અને તેમને આતંકવાદી તાલીમ આપી રહ્યો છે. બાંગ્લાદેશ હવે એક પ્રકારનું "લોન્ચપેડ" બની રહ્યું છે, જેનો ઉપયોગ ભારત વિરુદ્ધ ષડયંત્રો માટે થઈ શકે છે. વીડિયોમાં બાળકોની હાજરી પણ જોવા મળે છે. સૈફુલ્લાહના ભાષણ દરમિયાન અનેક બાળકો પણ હાજર હતા, જેનાથી એવો સંદેશ ગયો કે કેટલાક આતંકવાદી સંગઠનો બાળકોને પણ મોટા-નાના કરીને પોતાના એજન્ડા માટે ઉપયોગ કરી રહ્યા છે. વીડિયોના આધારે એવો આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે પાકિસ્તાની આતંકવાદી સંગઠનો બાળકોને જિહાદી વિચારો તરફ વાળી રહ્યા છે. સૈફુલ્લાહે પોતાના ભાષણમાં પાકિસ્તાની સેનાની પ્રશંસા પણ કરી અને કહ્યું કે ૯-૧૦ મેની રાત પછી પાકિસ્તાને જવાબ આપ્યો, જ્યારે અમેરિકા અને બાંગ્લાદેશ પણ કથિત રીતે પાકિસ્તાનની નજીક આવી રહ્યા છે - આ પણ તેના દાવાનો ભાગ રહ્યો.

## અડવાણીજીને પણ ન્યાય મળવો જોઈએ : શશી થરૂર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગ્રેસના સાંસદ શશિ થરૂર એક નિવેદનના કારણે ફરી ચર્ચામાં આવી ગયા છે. આ વખતે થરૂરે જવાહરલાલ નેહરુ અને ઈન્દિરા ગાંધીનો ઉલ્લેખ કરીને લાલકૃષ્ણ અડવાણીના રાજકીય કારકિર્દીનો બચાવ કરતું ચોંકાવનારનું નિવેદન આપ્યું છે. થરૂરે કહ્યું કે, જેમ જવાહરલાલ નેહરુ કે ઈન્દિરા ગાંધીના લાંબા જાહેર જીવનને માત્ર એક ઘટનાથી માપી શકાતું નથી, તેવી જ રીતે આડવાણીના દાયકાઓના રાજકીય યોગદાનને પણ એક માત્ર મુદ્દાના આધારે સીમિત કરવું અયોગ્ય છે. થરૂરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું છે કે, ‘જેમ નેહરુજીની કેરિયર માત્ર ચીન યુદ્ધ સામેની હારથી વ્યાખ્યાયિત કરવી અયોગ્ય છે, ઈન્દિરા ગાંધીની કેરિયર માત્ર ઈમરજન્સીથી કરવી અયોગ્ય છે, તેવી જ રીતે અડવાણીના લાંબા જાહેર જીવનને માત્ર એક ઘટના સાથે જોડીને જોવું યોગ્ય નથી. અડવાણીજીને પણ ન્યાય મળવો જોઈએ.’ થરૂરે અડવાણીને ૯૮માં જન્મ દિવસની શુભેચ્છા આપી અને જાહેર સેવા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી. તેમણે લખ્યું, ‘આદરણીય એલ.કે. આડવાણીજીને ૯૮માં જન્મદિવસની શુભેચ્છાઓ! જાહેર સેવા પ્રત્યેની તેમની નિષ્ઠા, વિનમ્રતા અને સદભાવના તથા આધુનિક ભારતની દિશા નક્કી કરવામાં તેમની ભૂમિકા અમિટ છે. તેઓ સાચા રાજનેતા છે, જેમનું જીવન પ્રેરણાદાયક રહ્યું છે.’ બીજીતરફ થરૂરનું ટ્વિટ સામે આવ્યા બાદ ખળભળાટ મચી ગયો છે. કેટલાક યુઝર્સ તેમના નિવેદનની ટીકા કરી રહ્યા છે. કેટલાક યુઝર્સે આક્ષેપ કર્યો છે કે, થરૂર આડવાણીના રાજકીય વિવાદાસ્પદ પાસાઓને સફેદ દેખાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. સુપ્રીમ કોર્ટના જાણીતા વકીલ સંજય હેગડેએ કહ્યું છે કે, ‘આ દેશમાં નફરતના બીજ વાવવાને જાહેર સેવા ન કહી શકાય.

થરૂર અને હેગડેએ એક્સ પર એકબીજા પર શાબ્દિક પ્રહારો શરૂ કરી દીધા છે. હેગડેએ કડક શબ્દોમાં લખ્યું છે કે, ‘રથ યાત્રા કોઈ એક ઘટના નહોતી. તે ભારતીય ગણતંત્રના મૂળભૂત સિદ્ધાંતોને ઉલટાવવાની એક લાંબી યાત્રા હતી. આ યાત્રાના કારણે ૨૦૦૨ અને ૨૦૧૪ જેવી ઘટનાઓનો પાયો નખાયો. જેમ દ્રૌપદીના અપમાને મહાભારતને જન્મ આપ્યો, તેમ રથ યાત્રાની હિંસક વિરાસત આજે પણ દેશની દિશાને પ્રભાવિત કરી રહી છે. પોતાની શર-શય્યા પરથી પણ તેમણે રાજધર્મનો ઉપદેશ આપ્યો નહીં.’ ઉલ્લેખનીય છે કે, સોમનાથી અડવાણીની રથયાત્રા શરૂ થઈ હતી, જ્યારે યાત્રા બિહારમાં પહોંચી ત્યારે પૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવે યાત્રા અટકાવી હતી. આ યાત્રા ડિસેમ્બર-૧૯૯૨માં બાબરી મસ્જિદ તોડી પાડવાના પહેલાના માહોલને તૈયાર કરનારી એક મોટી ઘટના માનવામાં આવે છે.

### મશીનથી ગણવામાં ૨૪ કલાક લાગ્યા

## ડ્રગ માફિયાના ઘરે પોલીસે રેડ પાડી, આખા રુમમાં નોટો ભરેલી હતી

### રાજેશ જેલમાં બંધ હોવા છતાં ઘરેથી નશા તસ્કરીનો કાળો કારોબાર ચલાવી રહ્યો હતો : પોલીસે પર્દાફાશ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)પ્રતાપગઢ

ઉત્તર પ્રદેશના પ્રતાપગઢમાં એક મા-દીકરીની જોડી ખૂબ જ જાહોજલાલીવાળી જિંદગી જીવતા હતા. કોઈ પણ વસ્તુની કમી નહોતી. રૂમ આખો રૂપિયાથી ભરેલો હતો. સૌ કોઈ તેમની અમીરી જોઈને ચોંકી જતા હતા. સવાલ ઉઠાવતા હતા કે આખરે આ લોકો કરે છે શું? એક દિવસ જ્યારે પોલીસ તેમના ઘરે પહોંચી અને અંદરનો નજારો જોયો તો તેમના હોશ ઊડી ગયા. ચારેતરફ રૂપિયા જ રૂપિયા હતા. સોના-ચાંદીથી લઈને રોકડા રૂપિયાથી આખો રૂમ ભરેલો હતો. નોટ એટલી વધારે હતી કે ગણતા ગણતા સાહેબ લોકોના પરસેવા છૂટી ગયા. જ્યારે પોલીસે કમાણીની ટ્રિક જાણી તો આખા મામલાની પોલ ખુલી ગઈ. આવો જાણીએ શું છે આ મામલો.

હકીકતમાં જોઈએ તો, પ્રતાપગઢ પોલીસે નશા તસ્કર રાજેશ મિશ્રાની કાળી કમાણીનો પર્દાફાશ કર્યો છે. રાજેશ જેલમાં બંધ હોવા છતાં ઘરેથી નશા તસ્કરીનો કાળો કારોબાર ચલાવી રહ્યો હતો. પોલીસે જણાવ્યું કે શનિવાર સવારે માનિકપુર વિસ્તારના મૂંદીપુર ગામમાં રાજેશ મિશ્રાના ઘરે દરોડા પાડ્યા. ઘરમાં એટલા રોકડ રૂપિયા અને નશાનો પદાર્થ મળ્યો કે પોલીસને નોટ ગણવા માટે મશીન મગાવવી પડી. ૨૪ કલાક સુધી ચાલેલી આ કાર્યવાહીમાં પોલીસે લગભગ ૧ કરોડ, ૧ લાખ રૂપિયા રોકડા, ૧ કરોડ ૧૫ લાખ રૂપિયાનું સ્મેક અને ૬ કિલો ગાંજો જપ્ત થયો છે. નોટોની ગણતરીમાં ૧૦ રૂપિયાથી લઈને ૫૦૦ રૂપિયાની નોટ મળી આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, રાજેશ મિશ્રાને મહિના પહેલા ગાંજા અને સ્મેક સાથે ધરપકડ કર્યો હતો અને ૩ કરોડ રૂપિયાની સંપત્તિ પણ ગેંગસ્ટર એક્ટ અંતર્ગત જપ્ત થઈ ચૂકી છે. જેલ ગયા બાદ તેની પત્ની રીના મિશ્રા, દીકરી કોમલ મિશ્રા અને દીકરો વિનાયક મિશ્રાએ નશાનો ધંધો સંભાળી લીધો. રીના મિશ્રા પર ગેંગસ્ટર અને એનડીપીએસ એક્ટમાં સાત કેસ નોંધાયેલા છે. તો વળી દીકરા વિનાયક પર પણ એનડીપીએસ એક્ટ સહિત કેટલીય ધારાઓમાં ફરિયાદ નોંધાયેલી છે. પોલીસે આ કાર્યવાહીમાં રાજેશ મિશ્રાના પરિવારના ત્રણ સભ્યો ઉપરાંત ગામના અજીત અને યશ મિશ્રાની પણ ધરપકડ કરી છે. તમામ પાંચેય આરોપીઓની ધરપકડ કરી જેલમાં મોકલી દીધા છે. પોલીસે જણાવ્યું કે, આ ટોળકી જેલની અંદરથી નશાની તસ્કરીનું કામ ચલાવી રહ્યા હતા. આખા ઘરમાં નોટો અને નશાની સામગ્રીનો ભંડાર ભર્યો હતો. નોટોની ગણતરી મશીનથી કરવા છતાં ૨૪ કલાક સુધી ગણતરી ચાલી હતી. પોલીસે તેને પ્રતાપગઢની સૌથી મોટી નશા તસ્કરીનો મામલો ગણાવ્યો હતો.

### માતોશ્રી પરિસરમાં ડ્રોન ઉડવાથી ગભરાટ ફેલાયો

## ઠાકરે પરિવારના ઘર પર ડ્રોન ઉડતા મચ્યો હડકંપ

### ઠાકરે જૂથે જાસૂસીનો આરોપ લગાવ્યો, જ્યારે મુંબઈ પોલીસે કહ્યું કે તે MMRDAના સર્વે ડ્રોનનો ભાગ હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

શનિવારે (૮ નવેમ્બર) મુંબઈના બાંદ્રા વિસ્તારમાં ઠાકરે પરિવારના નિવાસસ્થાન માતોશ્રીની બહાર એક અજાણ્યું ડ્રોન ઉડતું જોવા મળ્યું. સોશિયલ મીડિયા પર આ વીડિયો વાયરલ થતાં જ આ વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. ઉચ્ચ સુરક્ષા ઝોન ગણાતા આ વિસ્તારમાં ડ્રોનની હાજરીથી સુરક્ષા એજન્સીઓ અને ઠાકરે જૂથ બંને સતર્ક થઈ ગયા છે.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, માતોશ્રી અને MMRDA ઓફિસ વચ્ચેના રસ્તા પર થોડા સમય માટે ડ્રોન ફરતું જોવા મળ્યું હતું. માતોશ્રી ખાતે તૈનાત સુરક્ષા કર્મચારીઓએ ડ્રોનને જોતા જ તેનો વીડિયો રેકોર્ડ કર્યો અને સંબંધિત સુરક્ષા અધિકારીઓને જાણ કરી. અહેવાલ મુજબ, આ ઘટના બાદ, ઠાકરે જૂથે આરોપ લગાવ્યો હતો કે ડ્રોનનો ઉપયોગ ઉદ્ધવ ઠાકરેની મુલાકાત લેતા લોકો પર જાસૂસી કરવા માટે થઈ રહ્યો હતો. શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) નેતા અંબાદાસ દાનવેએ જણાવ્યું હતું કે માતોશ્રી સંકુલ ઉચ્ચ સુરક્ષા ઝોનમાં આવે છે. આમ છતાં, આવા ડ્રોનનું ઉડાન ખૂબ જ ગંભીર સુરક્ષા મુદ્દો છે. શું કોઈ માતોશ્રીની જાસૂસી કરી રહ્યું છે? આ આપણે જાણવાની જરૂર છે.

મુંબઈ પોલીસે પરિસ્થિતિ સ્પષ્ટ કરતા એક નિવેદન બહાર પાડ્યું. તેમણે જણાવ્યું હતું કે BKC અને ખેરવાડી વિસ્તારોમાં સ્સ્ઈઙછ દ્વારા પરવાનગી આપવામાં આવેલ ડ્રોન સર્વે ચાલી રહ્યો છે. કૃપા કરીને કોઈપણ ખોટી માહિતી ફેલાવવાનું ટાળો. પોલીસે એમ પણ કહ્યું હતું કે ડ્રોન સંભવતઃ તે સર્વેનો ભાગ હતો અને ખાનગી દેખરેખનો કેસ નથી. જોકે, ઠાકરે જૂથ આ સમજૂતીથી સંતુષ્ટ જણાતું નથી. તેમનું કહેવું છે કે ડ્રોન સર્વેની પરવાનગી છે કે નહીં, માતોશ્રીની ઉપર અથવા તેની આસપાસ આવા ઉપકરણો ઉડાવવા પર સખત પ્રતિબંધ હોવો જોઈએ.

નોંધનીય છે કે ડ્રોન નીતિ અનુસાર, મુંબઈના ઘણા વિસ્તારો, ખાસ કરીને VIP અને સરકારી રહેણાંક વિસ્તારો, રેડ ઝોનમાં આવે છે, જ્યાં ખાસ પરવાનગી વિના ડ્રોન ઉડાવવા પર સખત પ્રતિબંધ છે. આ ઘટના બાદ, માતોશ્રીની આસપાસ સુરક્ષા વ્યવસ્થા વધુ કડક કરવામાં આવી છે. સ્થાનિક પોલીસે ડ્રોન ક્યાં અને કયા હેતુ માટે ઉડાવવામાં આવ્યું હતું તે નક્કી કરવા માટે નજીકના વિસ્તારોમાંથી ઝઝ્ફ ફૂટેજની પણ તપાસ શરૂ કરી દીધી છે. સુરક્ષા એજન્સીઓ કોઈપણ સંભવિત ખતરા અથવા જાસૂસીની શક્યતાને નકારી રહી નથી.

### ખીણમાં ખાબકતાં જ બસનો કચ્ચરઘાણ

## ૩૦ બાળકો સવાર સ્કૂલ બસ ૧૫૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી

(સંપૂર્ણ સમાચાર સેવા)નંદુરબાર

મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લામાં આજે સવારે એક ભયાનક અકસ્માત થયો છે. અક્કલકુવા-મોલગી માર્ગ પર આવેલા દેવગોઈ ઘાટ વિસ્તારમાં એક સ્કૂલ બસ આશરે ૧૫૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી છે. આ બસમાં આશરે ૩૦ વિદ્યાર્થીઓ સવાર હતા.

બસ મોલગી ગામથી અક્કલકુવા તરફ જઈ રહી હતી ત્યારે આમલિબારી પરિસરમાં બસના ચાલકે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો. કાબૂ ગુમાવતા બસ ૧૫૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી હતી.

આ ભયાનક અકસ્માતમાં એક વિદ્યાર્થીનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ થયું હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. જ્યારે અન્ય ઘણા વિદ્યાર્થીઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માત બાદ બસ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે અક્કલકુવા ગ્રામીણ હોસ્પિટલમાં ખસેડાયા છે.

ખીણમાં ખાબકતાં જ બસનો સંપૂર્ણ કચ્ચરઘાણ વળી ગયો છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને વહિવટી તંત્રની ટીમ સ્થળ પર દોડી આવી છે. રાહત અને બચાવ કામગીરી કરનારી ટીમે ઈજાગ્રસ્તોને બહાર કાઢીને હોસ્પિટલ પહોંચાડ્યા છે. નંદુરબારના જિલ્લા અધિકારીએ જણાવ્યું કે, અકસ્માત કેવી રીતે થયો, તેની તપાસ કરવામાં આવશે અને જરૂરી સુરક્ષાના પગલાં લેવામાં આવશે.




## તંત્રી લેખ......

### લોકોનું શાસન' વિરુદ્ધ 'લોકો પર શાસન'

બિહારમાં ફરી એકવાર વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે. જનતા લોકશાહીના આ તહેવારને ખૂબ જ ઉત્સાહથી ઉજવી રહી હોય તેવું લાગે છે. પછી ભલે તે શેરીઓમાં પોસ્ટરોની ભરમાર હોય, ટીવી પર જાહેરાતોનો વરસાદ હોય કે સોશિયલ મીડિયા પર ચર્ચાઓ હોય, બધું જ ચૂંટણી લોકશાહીના આ ભવ્ય ઉત્સવ તરફ ઈશારો કરે છે. પરંતુ પ્રશ્ન એ છે કેઃ શું આ ખરેખર લોકશાહીનો ઉત્સવ છે કે લોકશાહીના નામે એક ભવ્ય ભ્રમ? શું આ જાહેર અભિપ્રાયનું સાચું પ્રતિબિંબ છે કે જાહેર અભિપ્રાયને આકાર આપવા અને તેને નિયંત્રિત કરવા માટે એક સંગઠિત વ્યવસ્થા છે?

લોકશાહીને લોકોનું શાસન કહેવામાં આવે છે. તેની સૌથી મહત્વપૂર્ણ શરત એ છે કે દરેક નાગરિક ચૂંટણી લડી શકે, દરેક વ્યક્તિ સરકારી વ્યવસ્થામાં ભાગ લઈ શકે અને પોતાની પસંદગીના પ્રતિનિધિઓ પસંદ કરી શકે. પરંતુ આજના સમયમાં જ્યારે આપણે આની ઊંડાણપૂર્વક તપાસ કરીએ છીએ, ત્યારે આપણને જાણવા મળે છે કે આ સ્વતંત્રતા ફક્ત ઔપચારિકતા બની ગઈ છે. જનતા પાસે વિકલ્પો છે, પરંતુ આ વિકલ્પો ફક્ત ઉપરછલ્લા છે. રાજકીય પક્ષોની લાંબી યાદી અને ઉમેદવારોની ભીડ ચોક્કસપણે આપણને ભ્રમ આપે છે કે આપણી પાસે ઘણા વિકલ્પો છે, પરંતુ વાસ્તવમાં, કોઈ રાજકીય પક્ષ કે ઉમેદવાર એવો નથી જે ખરેખર મૂળભૂત કે માળખાકીય પરિવર્તન લાવી શકે.

એક અર્થમાં, આજની ચૂંટણીઓ લોકશાહીનું નહીં પણ 'રાજકીય બજાર'નું પ્રતીક બની ગઈ છે. આ બજારમાં, રાજકીય પક્ષો ઉત્પાદનો વેચતી કંપનીઓ જેવા છે, અને મતદારો ગ્રાહકો છે. અહીં, દરેક રાજકીય પક્ષ પોતાના મેનિફેસ્ટો, જાહેરાતો અને જનસંપર્ક અભિયાનો દ્વારા પોતાને 'શ્રેષ્ઠ બ્રાન્ડ' તરીકે રજૂ કરતો દેખાય છે. જેમ બજારમાં મોટાભાગના ઉત્પાદનો લગભગ સમાન હોય છે, પરંતુ તેમનું પેકેજિંગ અને માર્કેટિંગ તેમને અલગ દેખાય છે, તેવી જ રીતે, રાજકીય પક્ષોની નીતિઓ સમાન હોવા છતાં, તેમની પ્રચાર શૈલીઓ તેમને અનન્ય અને નવા તરીકે રજૂ કરવાનો પ્રયાસ કરે છે.

અહીં, ચૂંટણીના "અમેરિકનીકરણ" ના ભાગ રૂપે, તે વ્યક્તિત્વ-કેન્દ્રિત બની ગયું છે. જનસંપર્ક એજન્સીઓ, ડેટા એનાલિટિક્સ, માઈક્રો-ટાર્ગેટિંગ અને જાહેરાત ઝુંબેશોએ લોકશાહી ચર્ચાનું સ્થાન લીધું છે. હવે, જનતા નીતિઓ પર નહીં, ચહેરા પર મત આપે છે.

બિહાર આ લોકશાહી બજારનું જીવંત ઉદાહરણ છે. અહીં, ચૂંટણીઓ ફક્ત સત્તા બદલવાનું સાધન નથી પરંતુ સામાજિક વિભાજન, જાતિ ગણતરીઓ અને છબી નિર્માણનું યુદ્ધભૂમિ બની ગઈ છે. આ વખતે, બે મુખ્ય ગઠબંધન, દ્રઢછ અને મહાગઠબંધન, બિહાર વિધાનસભાની ચૂંટણીમાં સામસામે છે. નીતીશ કુમારના નેતૃત્વ હેઠળનું દ્રઢછ ગઠબંધન હાલમાં તેની સૌથી મોટી કસોટીનો સામનો કરી રહ્યું છે. એક સમયે "સુશાસન બાબુ" તરીકે ઓળખાતા નીતિશ કુમારની છબી હવે ઝાંખી પડી ગઈ છે. વારંવાર ગઠબંધન બદલવાની તેમની વૃત્તિ અને તાજેતરના વર્ષોમાં તેમના અનિયમિત જાહેર વર્તનને કારણે તેમની વિશ્વસનીયતા નબળી પડી છે. નીતિશ કુમારની પાર્ટી, ત્નઢ્ઢ, હવે પરંપરાગત "સોશિયલ એન્જિનિયરિંગ" ફોર્મ્યુલાનો ઉપયોગ કરતી નથી, અને તેઓ ભાજપ અને અન્ય દ્રઢછ સાથીઓ પર વધુને વધુ નિર્ભર બન્યા છે. ભાજપે સમ્રાટ ચૌધરીના રૂપમાં પણ એક ચહેરો રજૂ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમની સામેના જૂના આરોપો અને તેમની ડિગ્રીના વિવાદને કારણે તેમને પીછેહઠ કરવાની ફરજ પડી હતી.આ કારણે, એનડીએનો સમગ્ર ચૂંટણી પ્રચાર તેના વિકાસના દ્રષ્ટિકોણથી ઈત્નઢના "જંગલ રાજ" ના ભયને વધારીને મત મેળવવા તરફ વળ્યો છે. જોકે, આ રણનીતિ કેટલી અસરકારક રહેશે તે આગાહી કરવી મુશ્કેલ છે. દરમિયાન, વિપક્ષી મહાગઠબંધન, ખાસ કરીને ઈત્નઢ, તેની જૂની છબીને દૂર કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેજસ્વી યાદવને ભૂતકાળના "જંગલ રાજ" ના પડછાયાને દૂર કરવા માટે એક યુવા નેતા તરીકે રજૂ કરવામાં આવ્યા છે.

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક ચિકિત્સા દિવસ પર્વનો શુભારંભ કરાવ્યો

### ૯૮૫ લોકો દ્વારા કરાયેલા સામૂહિક ધૂપ સ્નાન, ફેસ મડ પેક અને વૃક્ષાસનને IEA બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ અને એશિયા બુક ઓફ રેકોર્ડમાં પ્રાપ્ત થયું સ્થાન







ગુજરાત અને મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અમદાવાદમાં નેચરોપેથી - પ્રાકૃતિક ચિકિત્સા દિવસ પર્વનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ 'નેચરોપથી ડે' અને 'પ્રાકૃતિક ચિકિત્સા દિવસ પર્વ'ના કટ આઉટનું અનાવરણ કર્યું હતું.

પ્રાકૃતિક ચિકિત્સા દિવસ પર્વની ઉજવણી અંતર્ગત સાબરમતી રિવરફ્રન્ટ ખાતે સવારે ૯૮૫ લોકોએ એકસાથે વૃક્ષાસન કરી, ચેહરા પર ફેસ મડ પેક કરીને સામૂહિક ધૂપ સ્નાન કર્યા હતા. જેને IEA બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા વર્લ્ડ રેકોર્ડ ઘોષિત કરવામાં આવ્યો હતો. સાથે જ, ૯૮૫ લોકો દ્વારા કરાયેલા સામૂહિક વૃક્ષાસન અને ધૂપ સ્નાનને એશિયા બુક ઓફ રેકોર્ડ દ્વારા વર્લ્ડ રેકોર્ડ ઘોષિત કરવામાં આવ્યો હતો.

આઠમાં પ્રાકૃતિક ચિકિત્સા દિવસની ઉજવણીના ભાગરૂપે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, આજના ભૌતિકવાદના યુગના દુષ્પરિણામો આપણે અનુભવી રહ્યા છીએ. આવા સમયે સ્વાસ્થ્ય અને પ્રકૃતિ સાથે જોડાણનું મહાઅભિયાન ચલાવવા બદલ આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા. રાજ્યપાલશ્રીએ પ્રકૃતિ પ્રત્યે જોડાણ અપનાવવાની જરૂરિયાત સમજાવતા જણાવ્યું હતું કે, ભારતીય ઋષિમુનિઓને પ્રકૃતિ સાથે વિશેષ જોડાણ હતું. યોગ, પ્રાણાયામ જેવી વિદ્યા ઋષિમુનિઓએ આપણને આપી છે. પ્રકૃતિનો નિયમ છે કે જે વ્યક્તિ તેની સાથે જેટલો સંબંધ સ્થાપીને ચાલે છે, તે આધ્યાત્મિક, માનસિક, શારીરિક સ્વરૂપે એટલો જ સ્વસ્થ રહે છે. આપણે જેટલા પ્રકૃતિથી દૂર જઈએ એટલા જ દુઃખો અનુભવીએ છીએ. જલ્દીથી આપણે પ્રકૃતિ તરફ પાછા વળવાની જરૂર છે. એટલે જ, ભારતીય ઋષિમુનિઓ, ગાંધીજી તથા પદ્મશ્રી જય પ્રકાશ અગ્રવાલ જેવા લોકોએ ભારતીય જીવન અને પ્રકૃતિના સંરક્ષણ તથા માનવસેવા અને પ્રાણી સેવા માટે મહામૂલુ યોગદાન આપ્યું હતું એમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્યપાલશ્રીએ સૂર્યા ફાઉન્ડેશનના શ્રી જય પ્રકાશ અગ્રવાલ સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા તથા પ્રાકૃતિક ચિકિત્સાના પ્રચાર પ્રસારમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના પ્રયાસોને બિરદાવ્યા હતા. દેશભક્ત ક્રાંતિકારી રામપ્રસાદ બિસ્મિલજીનું સ્મરણ કરતા રાજ્યપાલશ્રીએ રોજિંદા જીવનમાં વ્યાયામ, કસરત અને યોગના મહત્વને સમજાવ્યું હતું.

નેચરોપથી - પ્રાકૃતિક ચિકિત્સાને લોકો જાણતા નહોતા ત્યારે પૂજ્ય બાપુએ ભારતની આ મૂળ વિદ્યાથી લોકોને અવગત કરાવ્યા હતા એમ જણાવીને રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, આપણા જીવનનો પરમ ઉદ્દેશ ધર્મ, અર્થ, કામ કરતા મોક્ષ પ્રાપ્ત કરવાનો છે. જેને સ્વસ્થ શરીર દ્વારા જ પ્રાપ્ત કરી શકાય. સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ આત્મા વસે છે. એટલે જ કહેવાય છે કે 'પહેલું સુખ તે જાતે નર્યા'.

રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, પ્રાકૃતિક ચિકિત્સાનો મૂળ સિદ્ધાંત છે કે પ્રકૃતિની વ્યવસ્થાને અપનાવીને ચાલીએ. પ્રાણીઓ પ્રકૃતિની વ્યવસ્થા મુજબ જીવન જીવે છે. મનુષ્યએ પ્રકૃતિની વ્યવસ્થા અપનાવીને જીવન જીવતા થવું પડશે. પ્રાકૃતિક ચિકિત્સા થકી પ્રકૃતિ સાથે સંબંધ સ્થાપીને પ્રકૃતિને અપનાવવાની જરૂર છે એમ તેમણે જણાવ્યું હતું. સાથે જ, રાજ્યપાલશ્રીએ સૂર્યોદય પહેલા જાગવાની, યોગ પ્રાણાયામ, વ્યાયામને અપનાવવાની, સમય અનુસાર ભોજન લેવાની અને સૂવાની ટેવોને અપનાવવા અનુરોધ કર્યો હતો.

આધુનિક સમયમાં ગંભીર બીમારીઓના વ્યાપનો ઉલ્લેખ કરતા રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, પહેલાના સમયમાં કેન્સર, હૃદયરોગ, ડાયાબિટીસ, ઘૂંટણની બીમારીઓ સહિતની ગંભીર બીમારીઓ નહોતી, કારણ કે પહેલા પ્રકૃતિના સિદ્ધાંતો મુજબનું સરળ અને સ્વસ્થ જીવન લોકો જીવતા હતા. આજે ભૌતિકવાદમાં આ સુટેવો અને પ્રકૃતિ સાથેનું જોડાણ ભૂલાયું છે, જેના લીધે રોગો વધ્યા છે. આજે આપણે પ્રકૃતિને દૂષિત કરી છે. રાસાયણિક ખેતી થકી આપણે જમીનને દૂષિત કરી છે. રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક ખેતી અપનાવવી જરૂરી છે.

રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આયુષ મંત્રાલય અને રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન થકી પ્રકૃતિ સાથે જોડાણ સ્થાપવાની દિશામાં કાર્ય કરવાની શરૂઆત કરાવી છે. તેમણે વિરાસત ભી, વિકાસ ભીના મંત્ર સાથે આપણા વારસાના સંવર્ધન માટે મુહિમ શરૂ કરાવી છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી શિશપાલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી યોગ, સ્વદેશી, વેદ, ગૌધન સહિતના વિષયોમાં સતત માર્ગદર્શન પૂરું પાડી રહ્યા છે. પ્રાકૃતિક ખેતી, પ્રાકૃતિક આહાર પ્રત્યે જાગૃતિ ફેલાવવા માટે પણ તેમણે અનેકવિધ નવીન પ્રકલ્પો અને ઝુંબેશ રાજ્યમાં શરૂ કરાવી છે. યોગ અને નેચરોપથી સહિત ભારતીય ચિકિત્સા ક્ષેત્રે પણ લોકોને સહભાગી કરવા રાજ્યપાલશ્રીના માર્ગદર્શનમાં આ જ રીતે સતત પ્રત્યનશીલ રહીશું એમ તેમણે ઉમેર્યું હતું.

પ્રાકૃતિક ચિકિત્સા દિવસ પર્વના પ્રારંભ પ્રસંગે શહેરના મેયર શ્રી પ્રતિભાબહેન જૈને કાર્યક્રમના આયોજકોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ માટે રાજ્યપાલશ્રીનું માર્ગદર્શન રાજ્યના ખેડૂતો માટે મહામુલુ સાબિત થયું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'વસુધૈવ કુટુમ્બકમ' અને 'સર્વ જન હિતાય, સર્વજન સુખાય'નો મંત્ર દેશવાસીઓને આપ્યો છે. સાથે જ, મેયરશ્રીએ આત્મનિર્ભર ભારત અને સ્વદેશી મુહિમમાં પોતાનું યોગદાન આપીને વિકસિત ભારતના નિર્માણમાં સહભાગી થવા સૌને અનુરોધ કર્યો હતો.

ઈન્ટરનેશનલ નેચરોપથી ઓર્ગેનાઈઝેશનના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અનંત બિરાદરે આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, આઠમાં પ્રાકૃતિક ચિકિત્સા દિવસની ઉજવણીના ભાગરૂપે સૂર્યા ફાઉન્ડેશન-INO(ઈન્ટરનેશનલ નેચરોપથી ઓર્ગેનાઈઝેશન) અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ નેચરોપથી (NIN), આયુષ મંત્રાલય, ભારત સરકારના સહયોગથી ૯ થી ૧૮ નવેમ્બર દરમિયાન ગુજરાત રાજ્ય અને દેશના અન્ય ભાગોમાં યોગ-પ્રાકૃતિક ચિકિત્સા પર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ કાર્યક્રમોમાં સેમિનાર, સામૂહિક ધૂપ સ્નાન (Sun Bath), મિટ્ટી ફેસ પેક (Face Mud Pack) અને વૃક્ષાસન પ્રક્રિયાનો સમાવેશ થાય છે. આ આયોજનને એશિયા બુક ઓફ રેકોર્ડ્સ અને IEA બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન અપાવવા માટે પણ લક્ષિત કરવામાં આવ્યું છે.

ઈન્ટરનેશનલ નેચરોપથી ઓર્ગેનાઈઝેશનના ગુજરાતના અધ્યક્ષ શ્રી મુકેશભાઈ શાહે સ્વાગત પ્રવચન કરતા સૌને આવકાર્યા હતા. તેમણે કહ્યું હતું કે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાત અને મહારાષ્ટ્રમાં પ્રાકૃતિક ખેતીની મુહિમ શરૂ કરાવવા સાથે ગુરુકુળ શિક્ષણ પરંપરા અને આયુર્વેદની સંસ્કૃતિ આગળ વધારવા સતત માર્ગદર્શન પૂરું પાડ્યું છે. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ સામૂહિકપણે નેચરોપથી ગીતનું ગાન કર્યું હતું. પ્રાકૃતિક ચિકિત્સા દિવસ પર્વના શુભારંભ પ્રસંગે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ નેચરોપથી (NIN)ના ડો. હેમાંશુ શર્મા, યોગ તથા નેચરોપથીના ચિકિત્સકો, યોગ સાધકો, શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ તેમજ વિવિધ NGO સહભાગી થયા હતા.

### નોંધાયેલા ખેડૂતોને અગાઉથી જ જણસી લઈને આવવાની તારીખ અંગે SMSના માધ્યમથી જાણ કરાશે

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આજથી ટેકાના ભાવે મગફળી, મગ, અડદ અને સોયાબીનની ખરીદીનો રાજ્યવ્યાપી શુભારંભ

### કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીના નેતૃત્વ હેઠળ ટેકાના ભાવે ખરીદી સમયે ખેડૂતોને અગવડ ન પડે તેવી સુચારુ અને પારદર્શક વ્યવસ્થા સુનિશ્ચિત કરાઈ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં આજથી પ્રાઈઝ સપોર્ટ સ્કીમ (PSS) હેઠળ મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદીનો શુભારંભ થયો છે. કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ સમગ્ર રાજ્યમાં સુચારુ અને પારદર્શક રીતે ટેકાના ભાવે ખરીદી સુનિશ્ચિત કરવા ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને જરૂરી સૂચનો કર્યા હતા. ટેકાના ભાવે ખરીદી સરળતાથી અને કોઈપણ અગવડ વગર થઈ શકે તે માટે દિવસ વાર ચોક્કસ સંખ્યામાં ખેડૂતોને અગાઉથી જ SMS કરીને વેચાણ માટે બોલાવવામાં આવશે. મહત્તમ ૯૦ દિવસમાં ખરીદી પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ખરીદી બનતી ત્વરાએ પૂર્ણ થઈ શકે તે માટે મહત્તમ ખરીદ કેન્દ્રો શરૂ કરવા અંગે પણ નોડલ એજન્સીને સૂચનાઓ આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ટેકાના ભાવે ખરીદી યોગ્ય રીતે પૂર્ણ થઈ શકે તે માટે પણ અનેકવિધ વ્યવસ્થાઓ અને સુધારાઓ કરવામાં આવ્યા છે. પ્રથમવાર ટેકાના ભાવે જણસીની ખરીદી પોઈન્ટ ઓફ સેલ મશીન (POS) કે ફેસ રેકગ્નિશન દ્વારા કરવામાં આવશે. ટેકાના ભાવે વેચાણ કરવા આવી ન શકે તેવા ખેડૂતો માટે નોમીની નિયુક્ત કરવાની પણ જોગવાઈ કરાવવામાં આવી છે. ટેકાનાભાવે વેચાણ માટે નોંધણી કરાવી હોય તેવા ખેડૂતોને જણસી લઈને આવવાની તારીખ અંગે આગોતરું આયોજન કરીને તેઓને થોડા દિવસ અગાઉથી જ SMSના માધ્યમથી જાણ કરવામાં આવશે. આ ઉપરાંત જે તારીખે ખેડૂતે જણસી લઈને વેચાણ માટે આવવાનું છે, તેના એક દિવસ પહેલા પણ પુનઃ એક SMS કરવામાં આવશે. આ ઉપરાંત ટેકાના ભાવે વેચાણ કરેલા ખેડૂતોને તેમની જણસીનું ચૂકવણું ટૂંક જ સમયમાં DBT માધ્યમથી સીધું તેમના આધાર બેઝ બેંક ખાતામાં કરવામાં આવશે. આટલું જ નહીં, ખરીદ કેન્દ્રથી ખરીદી કરેલો માલ ગોડાઉન સુધી લઈ જવા સમયે ઉપયોગ થનાર વાહન પર જીપીએસ ટ્રેકિંગ સિસ્ટમ લગાવવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષે મગફળી માટે ૯.૩૧ લાખથી વધુ, સોયાબીન માટે ૭૨,૯૦૦થી વધુ, અડદ પાક માટે ૧,૯૦૦થી વધુ અને મગ પાક માટે ૬,૦૦૦થી વધુ ખેડૂતોએ ટેકાના ભાવે વેચાણ માટે ઓનલાઈન નોંધણી કરાવી છે. - નિતિન રથવી

### મચ્છરદાની કાપીને કર્યું અપહરણ પછી કર્યો બળાત્કાર

# હુગલીના તારકેશ્વરમાં ચાર વર્ષની બાળકી પર થયેલી ક્રૂરતા

### પરિવારે જણાવ્યું હતું કે વહીવટીતંત્ર દ્વારા તેમના ઘરને તોડી પડાયા બાદ તેઓ અસ્થાયી રૂપે રેલ્વે શેડમાં રહેતા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)હુગલી

પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લાના તારકેશ્વર વિસ્તારમાં શુક્રવારે મોડી રાત્રે (૭ નવેમ્બર, ૨૦૨૫) ચાર વર્ષની બાળકી પર બળાત્કાર થયો હતો. આ ક્રૂર જાતીય હુમલાએ સમગ્ર રાજ્યને હચમચાવી નાખ્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર, પીડિતા તેની દાદી સાથે રેલ્વે શેડ નીચે મચ્છરદાની નીચે સૂતી હતી ત્યારે એક અજાણ્યા વ્યક્તિએ જાળી કાપીને તેનું અપહરણ કર્યું.

બંજારા સમુદાયના પરિવારે જણાવ્યું હતું કે વહીવટીતંત્ર દ્વારા તેમના ઘરને તોડી પાડવામાં આવ્યા બાદ તેઓ અસ્થાયી રૂપે રેલ્વે શેડમાં રહેતા હતા. બીજા દિવસે બપોરે, તારકેશ્વર રેલ્વે હાઈ ડ્રેઈન પાસે છોકરી નગ્ન અને લોહીથી લથપથ મળી આવી હતી.

છોકરીની દાદીએ ફાટેલી મચ્છરદાની તરફ ઈશારો કરતા કહ્યું, "તે મારી બાજુમાં સૂતી હતી. સવારે લગભગ ૪ વાગ્યે કોઈ તેને લઈ ગયું. મને ખ્યાલ પણ ન આવ્યો. તેઓ મચ્છરદાની કાપીને લઈ ગયા. જ્યારે મને તે મળી ત્યારે તે નગ્ન હતી." ઘટના બાદ, પીડિતાને તારકેશ્વર ગ્રામીણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં તેની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. હુગલી ગ્રામીણ પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે આ ઘટનાના સંદર્ભમાં બાળકોના જાતીય ગુનાઓથી રક્ષણ (પોક્સો) કાયદા હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી છે. પોલીસ ટીમોએ ઘટનાસ્થળેથી ફોરેન્સિક પુરાવા એકત્રિત કર્યા છે અને નજીકના સીસીટીવી કેમેરાના ફૂટેજની તપાસ શરૂ કરી છે. અધિકારીએ ઉમેર્યું, "અમે દરેક ખૂણાથી તપાસ કરી રહ્યા છીએ. પ્રારંભિક પુરાવાના આધારે, ગુનેગારની ઓળખ ટૂંક સમયમાં કરવામાં આવશે." જોકે, પીડિતાના પરિવારે આરોપ લગાવ્યો છે કે સ્થાનિક પોલીસે શરૂઆતમાં એફઆઈઆર નોંધવામાં વિલંબ કર્યો હતો, પરંતુ દબાણ વધ્યા પછી જ કાર્યવાહી કરી. આ ભયાનક ઘટનાએ રાજકીય તોફાન પણ જગાવ્યું છે. ભાજપના નેતા અને વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા, સુવેન્દુ અધિકારીએ મુખ્યમંત્રી મમતા બેનર્જીની સરકાર પર આકરા પ્રહારો કર્યા. તેમણે એક્સ (અગાઉ ટ્વિટર) પર લખ્યું કે તારકેશ્વરમાં ૪ વર્ષની બાળકી પર બળાત્કાર થયો હતો. પરિવાર પોલીસ સ્ટેશન ગયો હતો, પરંતુ કોઈ એફઆઈઆર નોંધવામાં આવી ન હતી. પોલીસ ગુનાને દબાવવામાં વ્યસ્ત છે. આ મમતા બેનર્જીના શાસનનો સાચો ચહેરો છે. એક બાળકનું જીવન બરબાદ થયું, અને પોલીસ રાજ્યના નકલી કાયદો અને વ્યવસ્થાનું રક્ષણ કરી રહી છે.

# ફિલિપાઈન્સમાં ૧000000 લોકો પર તોળાઈ રહ્યો છે મોતનો ખતરો

(સંપૂર્ણ સમાચાર સેવા)ફિલિપાઈન્સ

ફિલિપાઈન્સ સદીના સૌથી ખરાબ સંકટનો સામનો કરી રહ્યું છે. પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ છે કે ૧૦ લાખ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. સુપર ટાયફૂન ફંગ-વોંગ ફિલિપાઈન્સ તરફ આગળ વધી રહ્યું છે. તેને દાયકાના સૌથી શક્તિશાળી વાવાઝોડામાંનું એક માનવામાં આવે છે.

થોડા દિવસો પહેલા જ ફિલિપાઈન્સમાં અન્ય એત વિનાશક વાવાઝોડાનો સામનો કરવો પડ્યો હતો, જેમાં ૨૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા. સરકાર કોઈ જોખમ લઈ રહી નથી અને અસરગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોને બહાર કાઢી રહી છે. જો કે, મોટી સંખ્યામાં લોકો વાવાઝોડાના અસરગ્રસ્ત વિસ્તારોમાં રહે છે.

ફંગ-વોંગ વાવાઝોડું રવિવારે તેના અપેક્ષિત લેન્ડફોલ પહેલાં જ ઉત્તરપૂર્વીય ફિલિપાઈન્સમાં વિનાશ મચાવવાનું શરૂ કરી દીધું હતું. તેના કારણે મોટા વિસ્તારમાં વીજળી ગુલ થઈ ગઈ હતી અને હવામાન વિભાગે દેશના કેટલાક ભાગોમાં "જીવન માટે જોખમી પરિસ્થિતિઓ" ની ચેતવણી જારી કરી હતી. ફિલિપાઈન વહીવટીતંત્ર (છ્ય્છજીછ)એ જણાવ્યું હતું કે ફંગ-વોંગ, જેને સ્થાનિક રીતે ઉવાન તરીકે ઓળખવામાં આવે છે, રવિવાર રાત સુધીમાં ઓરોરા પ્રાંત પહોંચી શકે છે.

આ સમયગાળા દરમિયાન, મહત્તમ ૧૮૫ કિમી/કલાક અને ૨૩૦ કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. આનાથી દક્ષિણપૂર્વ અને મધ્ય પ્રદેશો, જેમાં કેટાન્ડુઆન્સ, કેમેરિનેસ સુર અને ઓરોરા પ્રાંતનો સમાવેશ થાય છે માટે ચેતવણીનું લેવલ સૌથી વધુ, સિગ્નલ નંબર ૫ સુધી વધી ગયું છે, જ્યારે મેટ્રો મનીલા અને આસપાસના પ્રાંતો માટે સિગ્નલ નંબર ૩ની ચેતવણી જાહેર કરવામાં આવી છે. ફંગ-વોંગ તેના ૧,૬૦૦ કિમી પહોળા વરસાદ અને પવન સાથે દક્ષિણપૂર્વ એશિયાઈ દ્વીપસમૂહના બે તૃતીયાંશ ભાગને આવરી શકે છે. વાવાઝોડું પ્રશાંત મહાસાગરમાંથી આવી રહ્યું છે. દરમિયાન ફિલિપાઈન્સ હજુ પણ ટાયફૂન કાલમેગીથી થયેલા વિનાશનો સામનો કરી રહ્યું છે. મંગળવારે ટાયફૂન કાલમેગીએ મધ્ય ટાપુ પ્રાંતોમાં ઓછામાં ઓછા ૨૨૪ લોકો માર્યા ગયા હતા અને તેણે વિયેતનામમાં પણ વિનાશ મચાવ્યો હતો, જ્યાં ઓછામાં ઓછા પાંચ લોકો માર્યા ગયા હતા.

ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયરે કાલમેગીથી થયેલા વ્યાપક વિનાશ અને ફંગ-વોંગથી સંભવિત આફતને કારણે કટોકટીની સ્થિતિ જાહેર કરી છે. ફિલિપાઈન્સમાં, ૧૮૫ કિમી/કલાક કે તેથી વધુની ઝડપે સતત પવન સાથે આવતા ઉષ્ણકટિબંધીય ચક્રવાતોને સુપર ટાયફૂન તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. આ નામ વર્ષો પહેલા વધુ ભારે હવામાન વિક્ષેપોની તાકીદ પર ભાર મૂકવા માટે અપનાવવામાં આવ્યું હતું.

# દુષ્કર્મના આરોપી એએપીના ધારાસભ્ય ઓસ્ટ્રેલિયા ભાગી ગયા

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ

પંજાબના સુનૌર વિધાનસભાના આમ આદમી પાર્ટી (AAP)ના ધારાસભ્ય હરમીત સિંહ પઠાણમાજરા બીજી સપ્ટેમ્બરથી દુષ્કર્મના કેસમાં ફરાર છે. લાંબા સમયથી પોલીસની પકડથી દૂર રહેલા આ ધારાસભ્યનો હવે ઓસ્ટ્રેલિયા સ્થિત એક પંજાબી વેબ ચેનલ સાથેનો વીડિયો ઈન્ટરવ્યુ સામે આવ્યો છે, જેમાં તેણે ઓસ્ટ્રેલિયા ભાગી ગયા હોવાનો ચોંકાવનારો ખુલાસો કર્યો છે. આ ઘટનાએ પંજાબ પોલીસની કાર્યક્ષમતા પર પણ ગંભીર સવાલો ઊભા કર્યા છે, કારણ કે પોલીસે તેની સામે લુકઆઉટ નોટિસ પણ જાહેર કરી હતી. ઓસ્ટ્રેલિયાથી આપેલા આ વીડિયો ઈન્ટરવ્યુમાં હરમીત સિંહ પઠાણમાજરાએ અનેક મોટા દાવા કર્યા હતા. તેણે દાવો કર્યો કે, 'જામીન મળ્યા પછી જ ઘરે પરત ફરશે.' આ ઉપરાંત પોતાની સામેના તમામ દુષ્કર્મના આરોપોને નકારી કાઢ્યા હતા અને આ કેસને રાજકીય ષડયંત્ર ગણાવ્યો હતો. ધારાસભ્ય હરમીત સિંહ પઠાણમાજરા દાવો કર્યો છે કે, 'આ કેસ પંજાબના લોકોના અવાજને દબાવવા માટે કરવામાં આવી રહ્યો છે. પંજાબમાં મંત્રીઓ અને ધારાસભ્યો સાથે મહત્ત્વપૂર્ણ બાબતો પર સલાહ લેવામાં આવતી નથી. અભિવ્યક્તિની સ્વતંત્રતા પર અંકુશ લગાવવામાં આવી રહ્યો છે. દિલ્હીમાં હાર્યા પછી તે નેતાઓએ હવે પંજાબ પર કબજો જમાવી લીધો છે અને તે જ રીતે તેને બરબાદ કરી રહ્યા છે.' પટિયાલા કોર્ટે દુષ્કર્મ કેસમાં સતત ગેરહાજર રહેવા બદલ હરમીત સિંહ પઠાણમાજરા સામે જાહેર ગુનેગાર તરીકે કાર્યવાહી શરૂ કરી છે. નોંધનીય છે કે, પંજાબ પોલીસે અગાઉ હરિયાણાના કરનાલમાં તેની ધરપકડ કરવા દરોડા પાડ્યા હતા, પરંતુ પહેલી વાર ધારાસભ્ય બનેલા પઠાણમાજરા પોલીસ કસ્ટડીમાંથી ભાગી ગયા હોવાના અહેવાલો હતા. તેમના ઓસ્ટ્રેલિયા ભાગી જવાથી હવે તેમની ધરપકડ પ્રક્રિયા વધુ જટિલ બની છે. પટિયાલાના સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનમાં સનોરના ધારાસભ્ય હરમીત સિંહ પઠાણમાજરા સામે ફરિયાદ નોંધવામાં આવી હતી. ઝીરકપુરની એક મહિલાની ફરિયાદ પર આ એફઆઈઆર નોંધવામાં આવી હતી, જેમાં મહિલાએ આરોપ લગાવવામાં આવ્યો હતો કે,ધારાસભ્યએ પોતાને છૂટાછેડા લીધેલા હોવાનો દાવો કરીને મારી સાથે સંબંધ બાંધ્યો હતા અને ૨૦૨૧માં મારી સાથે લગ્ન કર્યા હતા. જ્યારે તે પહેલાથી જ પરિણીત હતો. મહિલાએ ધારાસભ્ય પર જાતીય શોષણ, ધમકી આપવા અને અશ્લીલ સામગ્રી મોકલવાનો પણ આરોપ લગાવ્યો હતો. ફરિયાદમાં હરમીત સિંહ પઠાણમાજરા સામે ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ ૩૭૬ (દુષ્કર્મ), ૪૨૦ (છેતરપિંડી) અને ૫૦૬ (ગુનાહિત ધાકધમકી) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

જૂનાગઢની ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજથી યુનિટી માર્ચ પદયાત્રાનો મુખ્યમંત્રીશ્રીએ પ્રારંભ કરાવ્યો

# સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી અંતર્ગત રાજ્યવ્યાપી સરદાર@૧૫૦ યુનિટી માર્ચનું જૂનાગઢમાં પ્રસ્થાન કરાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેવડિયા કોલોની ખાતે વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી'ના નિર્માણ દ્વારા દેશે સરદાર પટેલને સાચી અંજલિ આપી છે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે લોહપુરુષ અને દેશના મહાન ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી અને જૂનાગઢના મુક્તિ દિવસના અવસરે સરદાર @ ૧૫૦ યુનિટી માર્ચ પદયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજ સ્થિત આરઝી હકુમત દ્વારા મળેલી મુક્તિના સ્મરણ સ્મૃતિ સ્મારક ખાતે સ્વાતંત્ર્યવીરોને યાદ કરી પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ પદયાત્રામાં જોડાનારા હજારો નાગરિકોને સંબોધીને રાજ્યવ્યાપી યુનિટી માર્ચના પ્રથમ ચરણનો પ્રારંભ કરાવ્યો હતો.

આ રેલીના પ્રસ્થાન પૂર્વે મુખ્યમંત્રીશ્રીએ આરઝી હકુમતનો ઈતિહાસ દર્શાવતી ફોટો પ્રદર્શની પણ નિહાળી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે યુનિટી માર્ચ સર્વ સમાજને સાથે જોડીને આત્મનિર્ભર ભારત માટેની પ્રેરણા આપશે તેવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં સમગ્ર દેશમાં યોજાઈ રહેલી એકતા યાત્રા ખરા અર્થમાં ભારતને એક અને અખંડ બનાવી સરદાર સાહેબને સાચી શ્રદ્ધાંજલિ આપતી યાત્રા બની રહેશે.

મુખ્યમંત્રીશ્રીએ આરઝી હકુમતના ઈતિહાસનું સ્મરણ કરતાં જણાવ્યું કે, ૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટના રોજ દેશ આઝાદ થયો હતો પરંતુ જૂનાગઢના નવાબની લોકમત વિરૂદ્ધની નીતિના કારણે ૮૬ દિવસના સંગ્રામ બાદ નવમી નવેમ્બરે ઉપરકોટમાં ભારતનો તિરંગો લહેરાવવા સાથે જૂનાગઢ વાસ્તવમાં આઝાદ થયું હતું અને તે રીતે તા. ૯ નવેમ્બરને 'જૂનાગઢ મુક્તિ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

આરઝી હકુમત દ્વારા જૂનાગઢને મુક્તિ અપાયા બાદ તા.૧૩ નવેમ્બરના રોજ આ જ બહાઉદ્દીન કોલેજના મેદાનમાં સરદાર વલ્લભભાઈ પટેલે સભા કરીને જૂનાગઢવાસીઓને અભિનંદન પાઠવ્યા હતા તેનું પણ સ્મરણ મુખ્યમંત્રીશ્રીએ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલે ૫૬૨ દેશી રજવાડાઓનું વિલિનીકરણ કરીને એક અને અખંડ ભારત બનાવ્યું હતું. હવે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' અને 'આત્મનિર્ભર ભારત'ના અભિયાન દ્વારા તેનો પાયો વધુ મજબૂત બનાવી રહ્યાં છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર સાહેબની સ્મૃતિ ચિરંજીવ રહે તે માટે કેવડિયા કોલોની ખાતે સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું નિર્માણ કર્યું છે. અને પ્રતિવર્ષ સરદાર પટેલ જન્મ જયંતિ ને એકતા દિવસ તરીકે ઉજવીને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને સરદાર સાહેબને સાચી અંજલિ અર્પી રહ્યાં છે.

આ વર્ષે પણ સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે 'ભારત પર્વ'નું આયોજન કરીને આત્મ નિર્ભર ભારત સાથે વોકલ ફોર લોકલ અને 'વિકસિત ભારત'નો રાહ વધુ મજબૂત બનાવી રહ્યાં છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં કલમ ૩૭૦ની નાબૂદી દ્વારા કચ્છથી કટક અને કાશ્મીરથી કન્યાકુમારી સુધી એક અને અખંડ ભારતનું સરદારનું સ્વપ્ન ધરાતલ પર ઉતાર્યું છે.

સૌ સાથે મળી ચાલે અને સમરસ સમાજનું નિર્માણ થાય તે માટે યુનિટી માર્ચના માધ્યમથી તમામ વર્ગોને સાંકળી રાજ્યભરમાં યુનિટી માર્ચનું આયોજન કરવામાં આવ્યું છે. તેના પ્રથમ ચરણની શરૂઆત આજે ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજના મેદાનથી થઈ છે. તે સૌને પ્રેરણા પૂરી પાડશે, તેમ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સૌ સોરઠવાસીઓએ જૂનાગઢ મુક્તિ દિવસની શુભકામનાઓ પાઠવી વિકસિત ભારતના નિર્માણ માટે એક અને નેક બની સહભાગી બનવા આહ્વાન કર્યું હતું.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ જૂનાગઢની આઝાદીની ચળવળમાં મહત્વનું યોગદાન આપનારા આરઝી હૂકુમતના સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારજનોનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

જૂનાગઢ જિલ્લાના પ્રભારી અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજાએ જૂનાગઢ માટે આજનો દિવસ ઐતિહાસિક લેખાવી જણાવ્યું હતું કે, આ વર્ષે ૧૫૦મી સરદાર વલ્લભભાઈ પટેલની જયંતિ અને બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ તેમજ વંદેમાતરમ ગીતના ૧૫૦ વર્ષ થવાનો સુભગ સમન્વય સધાયો છે. તે આપણા સૌ માટે ગર્વ અને આનંદની બાબત છે.

મંત્રીશ્રીએ સરદાર વલ્લભભાઈ પટેલે આપણને જે રાષ્ટ્રીય એકતાનો વારસો આપ્યો છે. તેને આગળ વધારવાનો છે. આપણે સૌથી મોટી લોકશાહીનું ગૌરવ લઈએ છીએ તેના મૂળમાં સરદાર પટેલે એકઠા કરેલા તમામ રજવાડાઓનો રાષ્ટ્રીય એકતાનો વારસો છે. સરદારની દૂરંદેશી અને અથાક પ્રયાસના કારણે ભારત અખંડ રાષ્ટ્ર તરીકે ઉભર્યું છે. આપણે સરદાર સાહેબના યોગદાનને હરહંમેશ યાદ રાખવાનું છે. તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. સરદાર વલ્લભભાઈ પટેલે પોતાની કુનેહ અને દ્રઢતાથી ૫૬૨ દેશી રજવાડાઓને એક કરી એક અને અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું તેવા મહામૂલા માનવીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટી બનાવીને સરદારને સન્માન અપાવ્યું એમ કહી જૂનાગઢની મુક્તિ દિવસની શુભકામનાઓ પાઠવી હતી.મંત્રીશ્રીએ જૂનાગઢના મુક્તિસંગ્રામમાં યથેચ્છ પ્રદાન કરનાર યોદ્ધાઓના બલિદાન અને પ્રયત્નોને બીરદાવ્યાં હતાં. તેમજ તેમના પરિવારજનોને દેશકાજે આપેલા યોગદાન માટે અભિનંદન પાઠવ્યાં હતાં.






જૂનાગઢની નાગરિક સેવાઓના પ્રોજેક્ટ માટે જૂનાગઢના સાધુ-સંતોએ રૂ.૫૧ લાખનો ચેક મુખ્યમંત્રીશ્રીને અર્પણ કર્યો હતો. નાગરિક સેવાઓમાં જનભાગીદારીની આ પહેલને સૌએ સહર્ષ વધાવી આભારની લાગણી પ્રગટ કરી હતી.

જિલ્લા કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયાએ જૂનાગઢ મુક્તિ દિવસના અવસરે યોજાઈ રહેલી યુનિટી માર્ચના અવસરે સૌને આવકારી ૮.૬ કિલોમીટરની આ પદયાત્રામાં 'એક ભારત, શ્રેષ્ઠ ભારત', 'આત્મનિર્ભર ભારત'ની 'હર ઘર સ્વદેશી'ના મંત્રને ચરિતાર્થ કરવામાં આવી રહ્યો છે. તે રીતે રેલીનું આયોજન કરવામાં આવ્યું છે, તેની વિભાવના રજૂ કરી હતી.

જૂનાગઢની આ પદયાત્રા હજારો નાગરિકોની ઉપસ્થિતિ અને રાષ્ટ્રીય એકતાના ભાવ સાથે યાદગાર બની હતી.

મુખ્યમંત્રીશ્રી પણ બહાઉદ્દીન કોલેજથી પદયાત્રામાં જોડાઈને યાત્રાના રૂટ પર વિવિધ સમાજ સંસ્થાઓના સાંસ્કૃતિક પ્લેટફોર્મ પર સૌનું અભિવાદન કર્યું હતું. સમગ્ર રૂટ પર ૧૯ સ્ટેજ બનાવવામાં આવ્યા હતા અને તેમાં જુનાગઢનો ઈતિહાસ સાંસ્કૃતિક વારસો સહિત વિવિધ કૃતિઓ પણ રજૂ કરવામાં આવી હતી. જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા પોલીસ તંત્રએ સમગ્ર રૂટ ઉપર ટ્રાફિક વ્યવસ્થા અને સંકલન કરી આ વિશાળ પદયાત્રાને સફળ બનાવી હતી. આ પદયાત્રામાં કાયદો અને ન્યાયતંત્ર વિભાગના રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, મેયર શ્રી ધર્મેશભાઈ પોશિયા, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમર, ધારાસભ્ય સવશ્રી સંજયભાઈ કોરડીયા, ભગવાનજીભાઈ કરગઠિયા, દેવાભાઈ માલમ, અરવિંદ લાડાણી, મહાનગર પાલિકાના કમિશનર શ્રી તેજસ પરમાર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.પી.પટેલ, અગ્રણી સવશ્રી ગૌરવ રૂપારેલિયા, ચંદુભાઈ મકવાણા, મહંત શ્રી ઈન્દ્રભારતી બાપુ, મહેશગીરી બાપુ, શ્રી નમ્રમુનિ મહારાજ સહિતના સંતો-મહંતો, પદાધિકારીઓ-અધિકારીઓ, વિવિધ સમાજના લોકો, શૈક્ષણિક સંસ્થાઓ, વિવિધ એસોસિએશન, આરઝી હકુમતના લડવૈયાઓના પરિવારજનો, સીનિયર સીટિઝન, યુવાઓ, પોલીસ જવાનો, પ્રબુદ્ધ નાગરિકો તથા જૂનાગઢ શહેરના નગરજનો મોટી સંખ્યામાં સહભાગી થયાં હતાં.

# રાન્યા રાવ ગોલ્ડ સ્મગલિંગ કેસના આરોપી એક્ટર તરુણને જેલમાં VIP ટ્રીટમેન્ટ: ટીવી-મોબાઈલ સહિતની સુવિધા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રાન્યા રાવ ગોલ્ડ સ્મગલિંગ કેસમાં પકડાયેલો એક્ટર તરુણને જેલમાં ખાસ સુવિધા મળી રહી હોવાનું સામે આવ્યું છે. તરુણને જેલમાં મોબાઈલ, ટેલિવિઝન અને અન્ય સુવિધા ઉપલબ્ધ કરાતી હોવાનું જણાય છે. સૂત્રોના જણાવ્યા મુજબ, તરુણ પાસે જેલમાં ટીવી-મોબાઈલની સાથે ખાસ સુવાની વ્યવસ્થા, ખોરાક અને મનોરંજનના સાધન ઉપલબ્ધ છે. આ ઘટનાને લગતો એક વીડિયો પણ સામે આવ્યો છે.

તમને જણાવી દઈએ કે, આ ગોલ્ડ સ્મગલિંગનો મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે તપાસ એજન્સીઓએ ખુલાસો કર્યો કે એક વરિષ્ઠ IPS અધિકારીની પુત્રી રાન્યા રાવે ૨૦૨૩ થી ૨૦૨૫ દરમિયાન દુબઈની ૫૦ થી વધુ યાત્રાઓ કરી હતી.

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા કરવામાં આવેલી તપાસમાં જાણવા મળ્યું હતું કે, રાન્યા આ પ્રવાસ દરમિયાન ગોલ્ડ સ્મગલિંગમાં સામેલ હતી.

આ દરમિયાન તેલુગુ એક્ટર તરુણ પર આરોપ લાગ્યો હતો કે, તેને રાન્યાને ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્મગલિંગ નેટવર્ક સાથે જોડાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. જેમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલી ઈવેન્ટ અને પાર્ટીના માધ્યમથી સંપર્ક થયો હતો.

કન્નડ અભિનેત્રી રાન્યા રાવની ૩ માર્ચે બેંગલુરુના કેમ્પેગોડા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ૧૪.૮ કિલો સોના સાથે ધરપકડ કરી હતી. આ કેસમાં ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI)એ મોટી કાર્યવાહી કરીને રાન્યાની સાથે સાહિલ જૈન અને તરુણ રાજુની પણ બેંગલુરુથી ધરપકડ કરી હતી. સાહિલે ગોલ્ડ સ્મગલિંગમાં પૈસાનો નિકાલ કરવામાં મદદ કરી હતી. તે કર્ણાટકના બલ્લારીનો રહેવાસી છે.

રાન્યા રાવ કર્ણાટકના વરિષ્ઠ પોલીસ અધિકારી કે રામચંદ્ર રાવની સાવકી પુત્રી છે. પૂછપરછ બાદ, તેમના નિવાસસ્થાને દરોડો પાડવામાં આવ્યા હતા, જ્યાંથી ૨.૦૬ કરોડ રૂપિયાના સોનાના દાગીના અને ૨.૬૭ કરોડ રૂપિયાની રોકડ મળી આવી હતી. આ કેસમાં તરુણ રાજુ પર ગોલ્ડ સ્મગલિંગમાં રાન્યા રાવને મદદ કરવાનો આરોપ હતો. તમને જણાવી દઈએ કે, વર્ષ ૨૦૧૮માં રીલિઝ કરવામાં આવેલી તેલુગુ ફિલ્મના શૂટિંગ અને પ્રમોશન દરમિયાન તરુણની મુલાકાત રાન્યા રાવ સાથે થઈ હતી. આ પછી ગોલ્ડ સ્મગલિંગના નેટવર્કની શરૂઆત થઈ હોવાનું માનવામાં આવે છે.




### મધ્યઝોન એસ્ટેટ વિભાગનાં આંખ આડા કાન

# ગાંધી રોડ ચંદ્ર વિલાસ હોટલ સામે રહેણાંક વપરાશ માંથી ગેરકાયદે કોમર્શિયલ બાંધકામ પૂર્ણતાનાં આરે

### કાલુપુર - ૨, સીટ નં - ૨૫, સિટી સર્વે નં - ૫૧૦૫નાં બાંધકામ માટે જરૂરી હેરિટેજ વિભાગની મંજૂરી લેવામાં આવી નથી

કરસન સોલંકી દ્વારા
અમદાવાદ, તા.૧૦

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં મધ્યઝોન એસ્ટેટ વિભાગે દોઢ વર્ષ પહેલા કાલુપુર વોર્ડ નં - ૨, સીટ નં - ૨૫, સિટી સર્વે નં - ૫૧૦૫, સેશન્સ નં . ૩૧૦૧/૧, ૩૧૦૧/૧/૧, ૩૧૦૧/૨ , કનક ચેમ્બરની બાજુમાં, ચંદ્ર વિલાસ હોટલ સામે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૧ ખાતેની રહેણાંક મિલ્કતનાં ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર ઉપર મંજુરી લીધા વગર ગેરકાયદે બાંધવામાં આવેલ કોમર્શિયલ સેકન્ડ તથા થર્ડ ફ્લોરનું ડિમોલેશન કરી, શીલ માર્યું હતું.

પરંતુ મધ્યઝોનનાં એસ્ટેટ - ટીડીઓની આંખ આડા કાન કરવાની નીતિને કારણે હાલની સ્થિતિએ રહેણાંક મિલ્કતનું શીલ ખોલીને ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર ઉપર ગેરકાયદે થર્ડ, ફોર્થ અને ફાઈવ ફ્લોરનું ગેરકાયદે કોમર્શિયલ બાંધકામ પૂર્ણતાની આરે છે. આની વિરુદ્ધ મધ્યઝોનનાં એસ્ટેટ - ટીડીઓ માત્ર નોટિસો પાઠવી સંતોષ માની રહ્યા છે. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ કાલુપુર વોર્ડ નં - ૨,

**દોઢ વર્ષ પહેલા મધ્યઝોનનાં એસ્ટેટ વિભાગે કાલુપુર - ૨, સીટ નં - ૨૫, સિટી સર્વે નં - ૫૧૦૫નું ગેરકાયદે કોમર્શિયલ બાંધકામ દૂર કરાયું હતું**

સીટ નં - ૨૫, સિટી સર્વે નં - ૫૧૦૫, સેશન્સ નં . ૩૧૦૧/૧, ૩૧૦૧/૧/૧, ૩૧૦૧/૨ દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એસ્ટેટ વિભાગ પાસેથી કોમર્શિયલ બાંધકામ કરવાની મંજૂરી ન લેતા દોઢ વર્ષ પહેલા ગેરકાયદે દૂર કરી, મિલ્કતને શીલ માર્યું હતું.વર્તમાન સ્થિતિએ મિલ્કતનું શીલ ખોલીને ગેરકાયદે પાંચ માળનું કોમર્શિયલ બાંધકામ પૂર્ણતાની આરે છે. દેશની ઐતિહાસિક ધરોહરનાં રક્ષણ માટે ઉપરોક્ત મિલ્કતમાં બાંધકામ કરવાં હેરિટેજ વિભાગની પણ મંજૂરી લેવામાં આવી નથી. આવા ગેરકાયદે બાંધકામોને કારણે આગ લાગવી કે ભૂકંપ જેવા અકસ્માત સમયે નાગરિકોની બચાવ કામગીરીમાં ભારે રુકાવટો ઊભી થાય છે અને ભારે જાનહાનિ તથા માલમિલકતોને નુકશાન પહોંચે છે.

અત્રે યાદ રહે કે તંત્ર દ્વારા આવા ગેરકાયદે બાંધકામો વિરુદ્ધ સાધન કાર્યવાહી કરી નાગરિકોની થતી જાનહાનિ તથા માલમિલકતોનાં રક્ષણને પ્રાથમિકતા આપવી જોઈએ.

**મધ્યઝોનનાં એસ્ટેટ - ટીડીઓ ગેરકાયદે કોમર્શિયલ બાંધકામ વિરુદ્ધ માત્ર નોટિસો પાઠવી સંતોષ માની રહી છે**




### ઉચ્છલ ખાતે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ નવનિર્મિત અદ્યતન સિવિલ ન્યાય મંદિરનું લોકાર્પણ કર્યું

# પ્રત્યેક નાગરિકને ઝડપી, સરળ અને પારદર્શક ન્યાય મળવો એ બંધારણીય અધિકાર છે, જેની પૂર્તિ માટે સરકાર અને ન્યાયતંત્ર ખભે ખભા મિલાવી સતત કાર્યરત છે: શ્રી હર્ષ સંઘવી

ન્યાય હંમેશા ઝડપી અને સરળ હોવો જોઈએ જે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પરિણામલક્ષી પ્રયાસો કર્યા છે - નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી




ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આજે તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકા ખાતે નવીન સિવિલ ન્યાય મંદિરનું લોકાર્પણ કર્યું હતું.

અંદાજિત રૂ. ૦૭ કરોડના ખર્ચે નિર્મિત આ આધુનિક ન્યાય મંદિર સ્થાનિક નાગરિકોને ન્યાયાલય સંબંધિત સેવાઓ સરળતા અને સુવિધાથી ઉપલબ્ધ કરાવશે.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, આજે આપણે સૌ ન્યાયના મંદિરના લોકાર્પણના આ ઐતિહાસિક પ્રસંગે એવા પ્રદેશમાં ઉપસ્થિત છીએ, જે ગુજરાત–મહારાષ્ટ્રની સરહદ પર આવેલો છે. આ વિસ્તારની વિશિષ્ટતા એ છે કે અહીંના રેલવે પ્લેટફોર્મ પરથી બે રાજ્યો દેખી શકાય છે. કાયદા વ્યવસ્થાની દ્રષ્ટિએ આવા વિસ્તારનું સંચાલન હંમેશા પડકારરૂપ રહે છે, છતાં તાપી જિલ્લાના ન્યાયતંત્રે તે જવાબદારી સફળતાપૂર્વક નિભાવી છે. શ્રી હર્ષ સંઘવીએ તાપી જિલ્લાના સમગ્ર ન્યાયતંત્રને અભિનંદન પાઠવતાં જણાવ્યું કે, ઝડપી અને સુલભ ન્યાયની દિશામાં જિલ્લા કોર્ટ જે રીતે કાર્ય કરી રહી છે તે પ્રશંસનીય છે. આદિવાસી અને સરહદી વિસ્તારોના લોકો માટે જે નવી સુવિધાઓ ઉભી થઈ રહી છે, તેનાથી ન્યાય પ્રાપ્તિની પ્રક્રિયા વધુ સરળ બનશે.

નવા સિવિલ કોર્ટ ભવન વિશે જણાવતાં તેમણે કહ્યું કે, આ ભવન વકીલો ઉપરાંત સામાન્ય નાગરિકો, ખાસ કરીને મહિલાઓ માટે સુવિધાસભર રીતે તૈયાર કરવામાં આવ્યું છે. સાક્ષી તરીકે દિવસભર કોર્ટમાં રહેવું ન પડે તે માટે પણ યોગ્ય વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. સરકાર અને ન્યાયતંત્ર મળીને નાગરિકોને વધુ સગવડતા પૂરી પાડવા પ્રતિબદ્ધ છે.

શ્રી સંઘવીએ વધુમાં જણાવ્યું કે, ન્યાયતંત્ર જેટલું ઝડપી ન્યાય આપે છે, એટલી જ જવાબદારી પોલીસ અને સરકારી તંત્રની પણ છે. ગુનેગારો સામે મજબૂત પુરાવા એકત્ર કરવા તે અત્યંત જરૂરી છે. તેમણે સરકારી વકીલોને દરેક કેસમાં માત્ર પીડિતના દ્રષ્ટિકોણથી ન્યાય મળે તે દિશામાં પ્રોત્સાહિત કર્યા હતા.

તેમણે કહ્યું કે, દરેક નાગરિકને ઝડપી, સરળ અને પારદર્શક ન્યાય મળવો એ બંધારણીય અધિકાર છે. આ અધિકારની પૂર્તિ માટે સરકાર અને ન્યાયતંત્ર ખભે ખભા મિલાવી સતત કાર્યરત છે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સરકાર ટ્રાન્સપેરન્સી, ઈફિશિયન્સી અને ગુડ ગવર્નન્સ માટે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન આપી રહી છે. આ દિશામાં ગુજરાતની ન્યાયપાલિકાએ અગ્રણી ભૂમિકા ભજવી છે. ગુજરાત પહેલું રાજ્ય બન્યું છે જ્યાં હાઈકોર્ટની કાર્યવાહી યુટ્યુબ પર લાઈવ ટેલિકાસ્ટ કરીને પારદર્શિતાનું અનોખું ઉદાહરણ આપ્યું છે.

તે જ રીતે વર્ચ્યુઅલ કોર્ટ, ઈ-ફાઈલિંગ અને પેપરલેસ સિસ્ટમ જેવી નવી પહેલો ન્યાયપ્રણાલીનો અભિન્ન ભાગ બની રહી છે. વડાપ્રધાનશ્રી કહે છે કે, “‘ન્યાય હંમેશા સરળ અને સ્પષ્ટ હોય છે. પરંતુ ક્યારેક જટીલ પ્રક્રિયાઓ ન્યાયને મુશ્કેલ બનાવી દે છે. તેને શક્ય તેટલો સરળ અને સ્પષ્ટ બનાવવાની આપણી સૌની જવાબદારી છે." એ પ્રક્રિયાને સરળ બનાવવા સરકાર અને ન્યાયતંત્ર મળીને સતત પ્રયત્ન કરી રહ્યા છે.

આ તકે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી ડી.એમ. વ્યાસે જણાવ્યું હતું કે રાજ્ય સરકારના સહયોગથી નિર્માણ પામેલું આ નવું કોર્ટ બિલ્ડીંગ માત્ર માળખું નથી, પરંતુ છેવાડાના નાગરિકો માટે ઝડપી અને પારદર્શક ન્યાયનું આશાનું કિરણ છે. તેમણે કોર્ટ પરિસરની સ્વચ્છતા જાળવવાની સૌને અપીલ કરી હતી.

આ પ્રસંગે પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ શ્રી તેજસ દેસાઈએ જણાવ્યું હતું કે ઉચ્છલની આવશ્યકતા પૂર્ણ થઈ છે અને આ નવું કોર્ટ બિલ્ડીંગ નાગરિકોને નિષ્પક્ષ અને ઝડપી ન્યાય આપવા સહાયરૂપ બનશે.

આ પ્રસંગે તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત વ્યારાના પરિવારને સોનાના દાગીના અને રોકડ રકમ નાયબ મુખ્યમંત્રીશ્રીએ અર્પણ કરી હતી. લગ્ન પ્રસંગ પહેલા જ ઘરમાંથી દાગીના સહિતની ચોરી થઈ હતી. પોલીસે માત્ર ૪૮ કલાકમાં આ ચોરીનો ભેદ ઉકલી દાગીના સહિતની ચોરી થયેલી મત્તા રીકવર કરી લીધી હતી. લોકાર્પણ પ્રસંગે તાપી જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી જાલિમસિંહ વસાવા, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી સુરજભાઈ વસાવા, જિલ્લા પોલીસ વડા શ્રી જશુભાઈ દેસાઈ, બાર એસોસિએસનના પ્રમુખશ્રી, સિનિયર જજીસશ્રીઓ, વહીવટી તંત્ર અને પોલીસ વિભાગના અધિકારીઓ, બાર એસોસિએશનના સભ્યો તથા સ્થાનિક આગેવાનો, નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### ખર્ચમાં ૩૦% ઘટાડાનો દાવો

# અમદાવાદમાં રાજ્યનો પ્રથમ પ્લાસ્ટિક રોડ બનશે

### પાણીમાં નહીં તૂટે! પીરાણા પાસે પાયલોટ પ્રોજેક્ટ શરૂ, સ્ટીલ કરતાં ૨૫ વર્ષ વધુ આયુષ્ય સાથે ટકાઉ માર્ગનો યુગ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા શહેરમાં રસ્તા નિર્માણની ટેક્નોલોજીમાં વધુ એક મોટું પરિવર્તન લાવવામાં આવ્યું છે. બેંગ્લોરની વ્હાઈટ ટોપિંગ પદ્ધતિના રોડ બનાવ્યા બાદ, AMC એ હવે પોલિઈથીલીન મટીરીયલનો ઉપયોગ કરીને રસ્તા બનાવવાનો નિર્ણય કર્યો છે, જે ગુજરાતમાં આ પ્રકારનો પ્રથમ માર્ગ હશે.

ઉત્તર ભારતના રાજ્યો જેમ કે દિલ્હી, પંજાબ અને ઉત્તરાખંડમાં આ ટેક્નોલોજીનો ઉપયોગ થાય છે. AMCનો દાવો છે કે આ માર્ગ ડામરના રસ્તા કરતાં ૩૦% જેટલો ઓછો ખર્ચાળ હશે અને પાણીથી તૂટશે નહીં. વરસાદની ઋતુ બાદ માર્ગો તૂટી જવાની સમસ્યા સામે પોલિઈથીલીનના રોડ વધુ ટકાઉ સાબિત થશે, તેવા અનુમાન સાથે પીરાણા વિસ્તારમાં પાયલોટ પ્રોજેક્ટ હેઠળ RV ડેનિમની સામે આ માર્ગ તૈયાર કરવામાં આવશે.

અમદાવાદ મનપા દ્વારા પોલિઈથીલીન મટીરીયલનો ઉપયોગ કરીને રોડ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેનાથી શહેર રાજ્યનો પ્રથમ પોલિઈથીલીન રોડ બનાવનારું બનશે. ઈજનેર વિભાગનું અનુમાન છે કે આ ટેક્નોલોજી નોર્થ ઈન્ડિયાના રાજ્યોમાં સફળ રહી છે. ડામરના રસ્તાની સરખામણીમાં આ મટીરીયલ વધુ ટકાઉ છે અને ખાસ કરીને વરસાદની ઋતુ દરમિયાન પાણી ભરાઈ જવાથી માર્ગો તૂટી જાય છે તે સમસ્યા સામે વધુ સારી રીતે ટકી શકશે. AMCનો દાવો છે કે હાલ શહેરમાં જે માર્ગો બનાવવામાં આવે છે, તેનાથી ૩૦% ઓછી કિંમતમાં આ પોલિઈથીલીનના રોડ તૈયાર કરી શકાશે. આ મટીરીયલ બનાવવા માટે પ્લાસ્ટિક જેવા મટીરીયલનો ઉપયોગ થતો હોવાનું મનપા દ્વારા કહેવામાં આવ્યું છે. માત્ર ખર્ચમાં જ નહીં, પરંતુ ટકાઉપણુંમાં પણ આ રોડ શ્રેષ્ઠ સાબિત થશે. જ્યાં સ્ટીલનું મટીરીયલ પાણીમાં કટાઈ જાય છે, ત્યાં પોલિઈથીલીન રોડનું આયુષ્ય ૨૫ વર્ષ સુધીનું રહેવાનો અંદાજ છે.

અગાઉ નેશનલ હાઈવે દ્વારા બ્રિજ બનાવવાની કામગીરીમાં પણ પોલિઈથીલીનનું મટીરીયલ ઉપયોગમાં લેવામાં આવ્યું છે, જ્યાં તે સફળ પુરવાર થયું છે.

આ સફળતાને ધ્યાનમાં રાખીને AMC એ હવે પાયલોટ પ્રોજેક્ટ તરીકે પીરાણા વિસ્તારમાં ઈફ ડેનિમની સામે આ પોલિઈથીલીન મટીરીયલનો માર્ગ તૈયાર કરવાનો નિર્ણય કર્યો છે. જો આ પાયલોટ પ્રોજેક્ટ સફળ થશે, તો શહેરના અન્ય માર્ગો પર પણ આ નવી ટેક્નોલોજીનો અમલ કરવામાં આવશે.

### ટેકાના ભાવે ખરીફ પાકોની ખરીદીનો આજથી રાજ્યવ્યાપી શુભારંભ

# કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ગાંધીનગરના દહેગામમાં ટેકાના ભાવે ખરીદીનો શુભારંભ કરાવ્યો

### શુભારંભ બાદ કૃષિ મંત્રીશ્રીએ ટેકાના ભાવે વેચાણ માટે આવેલા ખેડૂતો સાથે સહજ સંવાદ કર્યો



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશ હેઠળ ખેડૂતો પાસેથી રૂ. ૧૫,૦૦૦ કરોડથી વધુ મૂલ્યની મગફળી, મગ, અડદ અને સોયાબીનની ખરીદીનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેના પગલે આજે ટેકાના ભાવે ખરીફ પાકોની ખરીદીનો રાજ્યવ્યાપી શુભારંભ થયો છે.

કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આજે ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે ટેકાના ભાવે ખરીદીનો શુભારંભ કરાવીને ખરીદી માટેના સમગ્ર આયોજનની તલસ્પર્શી માહિતી મેળવી હતી તેમજ ખરીદી વ્યવસ્થાનું નિરીક્ષણ પણ કર્યું હતું.

તદુપરાંત, કૃષિ મંત્રીશ્રીએ વેચાણ કરવા આવેલા વિવિધ ખેડૂતો સાથે સહજ ભાવે પ્રત્યક્ષ સંવાદ પણ કર્યો હતો. આ સંવાદ દરમિયાન ખેડૂતોએ બજાર કરતા પણ વધુ ભાવે જણસીની ખરીદી કરવાના ખેડૂત હિતલક્ષી નિર્ણયની સરાહના કરીને કેન્દ્ર અને રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

સર્વ વિદિત છે કે, મગફળીના આશરે રૂ. ૫,૦૦૦ પ્રતિ ક્વિન્ટલના બજાર ભાવ સામે ભારત સરકાર દ્વારા મગફળી માટે રૂ. ૭,૨૬૩ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો છે. જેના પરિણામે પોતાની જણસીના બજાર ભાવ કરતા આશરે રૂ. ૨,૨૬૩ પ્રતિ ક્વિન્ટલ વધુ ભાવ મળતા ખેડૂતો પણ ઉત્સાહભેર ટેકાના ભાવે વેચાણ કરી રહ્યા છે. આ પ્રસંગે દહેગામના ધારાસભ્ય શ્રી બલરાજસિંહ ચૌહાણ, કો-ઓપરેટિવ પ્રોસેસિંગ સોસા.લી.ના ચેરમેન શ્રી ચૌહાણ ધનવંતસિંહ, ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી મેહુલ કે. દવે સહિત ખેતીવાડી વિભાગના અધિકારીઓ તથા લાભાર્થી ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

### પ્રિ-વેડિંગ શૂટ દરમિયાન ગોઝારી ઘટના બની હતી

# માગરોળ ખાતેથી માછીમારોને ગુમ યુવતીનો મૃતદેહ મળી આવ્યો

### પ્રિ-વેડિંગ માટે પહોંચેલી યુવતીની મિત્ર સેલ્ફી લેવા જતાં દરિયાનું મોજું આવતા ખેંચાઈ ગયાની ઘટના બની હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)ગીર સોમનાથ

બે દિવસ અગાઉ ગીર સોમનાથમાં પ્રિ-વેડિંગ શૂટ દરમિયાન એક ગોઝારી ઘટના બની હતી. દરિયામાં એક યુવતી તણાઈ જવાની ઘટના બની હતી. જે બાદ પોલીસ અને એનડીઆરએફની અલગ-અલગ ટીમો બનાવી સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું, પરંતુ યુવતી મળી આવી નહોતી. હવે માહિતી સામે આવી છે કે, માછીમારોને યુવતીનો મૃતદેહ મળી આવ્યો છે. માગરોળ ખાતેથી માછીમારોને ગુમ યુવતીનો મૃતદેહ મળી આવ્યો છે. નોંધનીય છે કે, આ ઘટના વેરાવળના આદ્રી ગામે દરિયા કિનારે બની હતી.

સમગ્ર ઘટનાની વાત કરીએ તો, યુવતી પ્રિ-વેડિંગ શૂટ માટે પોતાના થનારા પતિ સાથે પહોંચી હતી. તેની સાથે કેટલાક તેમના મિત્રો પણ ગયા હતા. જેમાં પ્રિ-વેડિંગ માટે પહોંચેલી યુવતીની મિત્ર સેલ્ફી લેવા જતાં દરિયાનું મોટું મોજું આવતા ખેંચાઈ ગયાની ઘટના બની હતી.

આ બનાવ ગીર સોમનાથના વેરાવળમાં બન્યો હતો. જેમાં દરિયા કિનારે ફોટોશૂટ કરવા માટે યુવક અને યુવતી પહોંચ્યા હતા. આ દરમિયાન જે મિત્રો કપલની સાથે ગયા હતા તેઓ દરિયાની નજીક સેલ્ફી લઈ રહ્યા હતા અને ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી.

માહિતી મુજબ જે યુવતી પ્રિ-વેડિંગ ફોટોશૂટ માટે ગઈ હતી તેની સાથે તેના એક ફ્રેન્ડ પણ હતી, જે આદ્રી ગામે દરિયા પાસે સેલ્ફી લઈ રહી હતી અને ત્યારે જ દરિયાના મોજાથી થપાટ વાગતા તે દરિયામાં તણાઈ ગઈ છે. પ્રિ-વેડિંગ શૂટ માટે કપલ દરિયા કિનારે આવ્યા હતા અને તે સમયે એક સેલ્ફી લેવાના ચક્કરમાં યુવતી દરિયામાં તણાઈ ગઈ હોવાનો બનાવ બન્યો છે, જોકે, આ ઘટના દરમિયાન જે અન્ય ૪ લોકો હતા તેમનો આબાદ બચાવ થયો છે. ઘટનાની જે વિગતો મળી રહી છે તેમાં એ પણ સામે આવી રહ્યું છે કે, યુવતી સાથે અન્ય ૪ લોકો હતા તેમનો આબાદ બચાવ થયો છે, દરિયાનું મોજું આવતા જે ૪ લોકો હતા તેમણે એકબીજાના હાથ પકડીને સુરક્ષિત કર્યા હતા પરંતુ જે અન્ય યુવતી હતી તે એક જ ક્ષણમાં દરિયામાં ખેંચાઈ ગઈ હતી. દરિયામાં ખેંચાઈ ગયેલી યુવતી વેરાવળના રામપરા ગામની હોવાની વિગતો મળી રહી છે. મરિન પોલીસને જાણ થતાં સ્થાનિક માછીમારોની મદદ લઈને દરિયામાં તણાયેલી યુવતીની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

નોંધનીય છે કે, લગ્ન પહેલા પ્રિ-વેડિંગ ફોટોશૂટનો ટ્રેન્ડ બની ગયો છે, જેમાં ઘણાં પોતાના લગ્ન પહેલાના સમયને વધુ સારી બનાવવા માટે આ પ્રકારના ફોટોશૂટ કરાવે છે, અહીં આવેલા થનાર દંપતીને પણ ખ્યાલ નહીં હોય કે તેઓ જીવન સાથે ગાળવા માટે જે તૈયારી કરી રહ્યા છે તેનો શરુ થતાં પહેલા જ અંત આવી જશે. આ પ્રકારની ઘટનાઓ આગામી સમયમાં ન બને અને કોઈનો ભોગ ન લેવાય તે માટે સ્થાનિક તંત્ર દ્વારા નિયમો પણ બનાવવામાં આવી શકે છે.

### હત્યાના આરોપીઓની પોલીસે કરી ધરપકડ

# હત્યા કરીને આરોપીઓએ મોટું ષડયંત્ર રચ્યું, પોલીસ તપાસમાં ભાંડો ફૂટ્યો

### જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે આવેલ જેસીંગપુર ગામે એક શ્રમજીવીની હત્યા કરવામાં આવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)મહીસાગર

જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે આવેલ જેસીંગપુર ગામે એક શ્રમજીવીની હત્યા થઈ હતી. જોકે પોલીસે ગણતરીના કલાકોમાં આ હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો છે. આ હત્યાને અકસ્માતમાં ખપાવવાનું કાવતરું રચાયું હતું, પરંતુ લુણાવાડા પોલીસે ભેદ ઉકેલી આરોપીઓને ઝડપી પાડ્યા છે અને તેમની કરતૂતને લઈને તેમને જેલના સળિયા ગણવાનો વારો આવ્યો છે. બીજી તરફ આ બનાવને લઈને હાલ આસપાસના વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. બનાવને લઈને જો વિગતવાર વાત કરીએ તો, મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના જેસીંગપુર ગામ ખાતે નવી વસાહતમાં બની રહેલા એક મકાનમાં પંચમહાલના કાલોલના રહેવાસી મંગળભાઈ નાયક છેલ્લા બે મહિનાથી કડિયા કામ કરતા હતા. સમી સાંજે અહીં બે શ્રમજીવી પરિવારો વચ્ચે કોઈ વહેમ અને શંકાને લઈને લોહિયાળ ઝઘડો થયો હતો. આ ઝઘડામાં મંગળભાઈ નાયકને મહેશભાઈ મણીભાઈ નાયક અને મહેશભાઈ વજેસિંહ નાયક નામના બે શખ્સોએ લાકડાના ડફણાંથી માર મારી ગંભીર ઈજા પહોંચાડી, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું. આરોપીઓ દ્વારા બાદમાં આ હત્યાને આત્મહત્યાના બનાવવામાં ખપાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સૌથી ચોંકાવનારી વાત એ છે કે આરોપીઓએ આ હત્યાને છુપાવવા માટે મોટું ષડયંત્ર રચ્યું હતું. બંને આરોપીએ મળીને મંગળભાઈ નાયકના મૃતદેહને પહેલા માળે લઈ ગયા અને ત્યાંથી રેતીના ભાગે ફેંકી દીધો. ત્યારબાદ પોલીસને જણાવ્યું કે, કામ કરતી વખતે પડી જવાથી મૃત્યુ થયું છે. જોકે, લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશનના પીઆઈ જયેશ વડવીને આ સમગ્ર બનાવમાં હત્યાની આશંકા લાગી. તેમણે યોગ્ય દિશામાં તપાસ શરૂ કરી, જેમાં ખબર પડી કે ઘટના બાદ અન્ય બે શ્રમજીવી ગાયબ છે.

પોલીસે ગણતરીના કલાકોમાં પલાયન થયેલા મહેશભાઈ મણીભાઈ નાયક અને મહેશભાઈ વજેસિંહ નાયકને ઝડપી પાડ્યા હતા. પૂછપરછમાં તેમણે લાકડાના ડફણાંથી મારીને હત્યા કર્યાની કબૂલાત કરી અને હત્યાને અકસ્માતમાં ખપાવવાના ષડયંત્રનો પણ ભાંડો ફૂટ્યો. લુણાવાડા પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરીને તેમને પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યા છે. હાલ આ અંગે વધુ તપાસ ચાલુ છે.

### પશુ સાથે માલિક પણ પાંજરામાં!

# આજીવિકા બચાવવા રડતી દીકરી પર AMCના કર્મચારીઓને દયા ન આવી

### બળદને ટ્રેક્ટરના પાંજરામાં ચઢાવવામાં આવતા જ, તેની માલિક, એક દીકરી, પોક મૂકીને રડવા લાગી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના નરોડા-નાના ચિલોડા ચાર રસ્તાનો એક વીડિયો વાઈરલ થયો છે. જેને જોઈને તમારું દિલ દ્રવી ઉઠશે.

૮ નવેમ્બરે AMCની ઢોર પાર્ટી રખડતા ઢોર પકડવા આવી હતી, પરંતુ, જાણે ચોપડે કામ બતાવવાનું હોય તેમ તેમણે એક બળદ ગાડું પકડ્યું, અને ગાડામાંથી બળદને છોડી ટ્રેક્ટરમાં ચડાવી રહ્યા હતા. જે કોઈનું આજીવિકાનું સાધન હતું.

બળદને ટ્રેક્ટરના પાંજરામાં ચઢાવવામાં આવતા જ, તેની માલિક, એક દીકરી, પોક મૂકીને રડવા લાગી. તે અધિકારીઓ સામે કરગરતી રહી કે, 'આ રખડતું ઢોર નથી, આ મારી આજીવિકા છે!' પણ, સંવેદનહીન અધિકારીઓ માન્યા નહીં. કોર્પોરેશનના અધિકારીઓ અને સાથે રહેલા કર્મચારીઓએ તેની આજીજી સાંભળવાને બદલે કાર્યવાહી ચાલુ રાખી. છેવટે, દીકરી પોતાના બળદથી અલગ ન થવાના ઈરાદે અને બળદને બચાવવા જીદ કરીને ટ્રેક્ટરના પાંજરામાં બળદ સાથે જ બેસી ગઈ. વિચારો, બે-ત્રણ કિલોમીટર સુધી આ દીકરીને પશુની જેમ પાંજરામાં પૂરીને પોલીસ સ્ટેશન લઈ જવી કેટલી યોગ્ય વાત છે? જ્યાં સ્ત્રી સન્માન અને માનવતાની મોટી મોટી વાતો થાય છે, ત્યાં આ દ્રશ્ય જોઈને સૌના દિલ દ્રવી ઉઠ્યા છે. કોર્પોરેશનના કર્મચારીઓ અને હાજર પોલીસની આ અસંવેદનશીલ કાર્યવાહી પર ગંભીર સવાલો ઉઠી રહ્યા છે.

# કચ્છના લખપતમાં યુવકના ખિસ્સામાં ફાટ્યો મોબાઈલ

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

કચ્છના લખપતમાં ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. લખપતના ભાડરા ગામના ૧૪ વર્ષના કિશોરના ખિસ્સામાં મોબાઈલ ફાટ્યો હોવાની ઘટના બની છે.

મોબાઈલ ફાટતાં કિશોરે સ્માર્ટફોનનો ઘા કરી દીધો હતો, જોકે ફોન ફેંક્યા બાદ વધુ બે ધડાકા થયા હતા. આ દુર્ઘટનામાં કિશોરને સામાન્ય ઈજા પહોંચી હતી.

મળતી માહિતી મુજબ, લખપત તાલુકાના ભાવડા ગામના રાજવીર અરવિંદ પાયરના ખિસ્સામાં રાખેલો સ્માર્ટફોન અચાનક ફાટ્યો હતો. જેની જાણ થતાં તરત રાજવીરે સ્માર્ટફોનને ખિસ્સામાંથી કાઢીને બહાર ફેંક્યો હતો. પરંતુ આ પછી પણ મોબાઈલમાં વધુ બે ધડાકા થયા હતા.

કિશોરના ખિસ્સામાં ફોન ફાટવાની ઘટનાને લઈને પરિવારમાં ચિંતા છવાઈ હતી. આ દુર્ઘટનામાં કોઈ મોટી જાનહાનિ થઈ ન હતી. જોકે, ફોન ક્યા કારણોસર ફાટ્યો તેને લઈને કોઈ જાણકારી મળી નથી.